# પ્રાચીન ભારતીય જૈન કથાનકો

- ડૉ. શિરીષ પંચાલ

ભારતીય કથા સાહિત્ય અને એનો વ્યાપ બહુ જ વિશાળ છે. એ માત્ર ભારતનો વારસો નથી પણ જગતભરનો વારસો છે. દુનિયાભરની પ્રાચીન કથાઓ એ ભારતના કથા સાહિત્યની ઋણી છે. '**ઇન્ડિયન કાવ્ય લિટ્રેચર**' એના છ ભાગ લખનારા પ્રોફેસર એ.કે. વોર્ડરે તો સ્પષ્ટપણે કહ્યું છે કે, ભારતનો વારસો જે છે એ વારસાને દુનિયાએ પોતાની રીતે સાચવ્યો છે. એમાં સમય, સ્થળ, સંજોગો પ્રમાણે પરિવર્તનો પણ આવ્યા પણ મૂળભૂત હકીકતો એ ભારતીય કથા સાહિત્યની છે. અને આ ભારતીય કથા સાહિત્યને કેન્દ્રમાં રાખીને આપણે આપણું પોતાનું એક કાવ્યશાસ્ત્ર પણ ઊભું કરી શકીએ છે.

હવે મૂળ વાત એ છે કે એક કથા આવે છે. સમય, સ્થળ, સંજોગો એમાં પરિવર્તન કરાવે છે. અંગ્રેજીમાં જેને **'ઈન્ટરપોલેશન'** કહે છે આપણે ગુજરાતીમાં એને પ્રક્ષેપ કહીએ છીએ. તો એ પ્રેક્ષપોથી આપણું સાહિત્ય સમાજની જુદી જુદી ટીકાઓ પણ આપણને પણ જણાવતા રહે છે.

આપણે બે પ્રક્ષેપોની વાત કરીએ. રામાયણમાં આપણને બધાને જાણીતી એવી લક્ષ્મણરેખાની વાત આવે છે, મૂળ રામાયણમાં લક્ષ્મણરેખાની વાત આવતી નથી. કેમ કે એ જમાનામાં પણ સ્ત્રી સ્વતંત્ર હતી, પોતાના ઘરની ચાર દીવાલની બહાર એ જઈ શકતી હતી, એ સમયે લક્ષ્મણ રેખાની જરૂર ન હતી પણ જ્યારે બિન સલામતી વધી ત્યારે એને લક્ષ્મણ રેખાની જરૂર પડી.

એ જ રીતે મહાભારતમાં આપણે બહુ જ જાણીતી એવી ઘટના લઈએ કે, દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચાય છે, દુ:શાસન એને ખેંચી રહ્યો છે અને તે વખતે શ્રીકૃષ્ણ આવી અને એના વસ્ત્રો પૂરે છે. મૂળ મહાભારતમાં કૃષ્ણ આવતા નથી. દ્રૌપદીને એક પછી એક વસ્ત્ર આપે જ જાય છે. જ્યારે કૃષ્ણ ભક્તિનો પ્રચાર થયો ત્યારે કોઈ કવિને લાગ્યું કે આ એક કૃષ્ણને લાવવાની તક છે પછી એણે કૃષ્ણ પાસે આ વસ્ત્રો પુરાવ્યા. તો આ રીતે આપણા સમયમાં, આપણા સમાજમાં, આપણા સંજોગો પ્રમાણે પરિવર્તનો થતાં જાય અને એમ કરતા કરતા વાર્તાઓ બદલાતી જાય.

આપણી પાસે બે મહાન પ્રતિભાઓ આવી. એક ગૌતમ બુદ્ધ અને બીજા મહાવીર સ્વામી. એક યા બીજા કારણે ગૌતમ બુદ્ધ ભારતની બહાર પણ પ્રસર્યા અને મહાવીર સ્વામી પણ. આ બંનેએ જે

પંચશીલ આપ્યા, જે અહિંસાની અસ્તેયની વાતો કરી કે એ ભારતની પ્રજાનો એક અમૂલ્ય વારસો બની રહી.

જૈન કથાનકો કે બૌદ્ધ કથાનકો એક રીતે જોઈએ તો સાંપ્રદાયિક કહેવાય. જે તે ધર્મ પોતાના પ્રચારને માટે આવી કથાઓનો પ્રસાર કરે છે એના મૂળમાં ગુણાત્યની ગુણ કથા રહેલી છે. પૈસાચીય ભાષામાં લખાયેલી આ કથા આપણી પાસે આજે નથી. એ કથાના રૂપાંતરો થયા અને રૂપાંતરો દ્વારા આપણને ખ્યાલ આવે છે કે મૂળ કથા કેવી સમૃદ્ધ હશે. આ જે કથાનું એક રૂપાંતર અગિયારમી સદીમાં સોમદેવ નામના કવિએ સંસ્કૃતમાં કર્યું અને તે '**કથાસરિતસાગર**' છે પણ કથાસરિતસાગર આવ્યું તે પહેલા એક જૈન કથા સંચય આપણી પાસે આવ્યો. સંઘદસગણી નામના સાધુએ આ જે કથાઓ છે, એને એક સાંપ્રદાયિક રૂપ આપ્યું અને એ કથા સંચયનું નામ આપ્યું 'વાસુદેવ ઇતિ'. મૂળ કથામાં નરવાહનદત્ત પ્રવાસ કરવા નીકળે છે, અને એક પછી એક કન્યાઓને પ્રાપ્ત કરતો કરતો આગળ વધતો જાય છે. તો આ નરવાહનદત્તનું રૂપાંતર સંઘદસગણીએ વસુદેવમાં કર્યું. વસુદેવ એટલે વાસુદેવના પિતા. સામાન્ય રીતે વસુદેવની કથાઓ મોટાભાગના લોકોને પરિચિત નથી એમને તો વસુદેવના પુત્ર વાસુદેવની કથાઓ અને એમણે જે જે કન્યાઓની પ્રાપ્તિ કરી એની વાર્તાઓ પરિચિત છે. પણ વાસુદેવ હિંડી છે, એ હિંડીમાં વસુદેવ ઘરમાં ઝઘડો થયો એટલે ગૃહ ત્યાગ કરીને નીકળી પડ્યા. અને પોતે મૃત્યુ પામ્યા છે, એવી ખોટી જાહેરાત કરાવી એ રખડવા નીકળ્યા.

આ વસુદેવ હિંડીમાં જે કથાઓ છે, તે કથાઓ સાંપ્રદાયિક છે. અને એમાં એક બહુ જ જાણીતી, આપણને પણ મૂંઝવે એવી એક કથા શરૂઆતમાં જ આવે છે અને તે કથા છે 'કુબેરદત્ત અને કુબેરદત્તાની'. એકવાર વારાંગના છે અને એ વરાંગનાની એક દીકરી છે, દીકરી કોઈના પ્રેમમાં પડે છે અને એ સગર્ભા થાય છે. માં ના પાડે છે કે, આપણને આ બધો વૈભવ પોષાય નહીં એટલે તું આ ગર્ભપાત કરાવી અને આમાંથી મુક્ત થઈ જાય એટલે દીકરી ના પાડે છે કે, બાળકોને જન્મ આપ્યા પછી હું એનો ત્યાગ કરીશ. બાળકો જન્મે છે એક પુત્ર અને બીજી પુત્રી છે. એટલે બંનેને બે જુદી જુદી પેટીઓમાં સુવર્ણ, ધન, વસ્ત્રો મૂકી અને નદીમાં વહેડાવી દે છે. આ જે કથાઘટક છે એ પણ બહુ જાણીતું છે, કુંતીએ કર્ણને પણ આ જ રીતે નદીમાં વહાવી દીધો હતો. આ બે પેટીઓ બે વેપારીઓને મળે છે, પેટીઓ પૈસા ટકાથી સમૃદ્ધ છે એટલે બંને કહે છે કે એક પેટી તું રાખ અને એક પેટી હું રાખું છું, અને આ બંને મોટા થશે ત્યારે આપણે એમના લગ્ન કરીશું .અને એમ બંને યુવાન થાય છે, એમના લગ્ન થાય છે, લગ્ન થયા પછી દ્યુત રમાય છે અને એમાં જે કુબેર દત્ત પોતાની વીંટી કુબેરદત્તાને

પહેરાવે છે. પણ કુબેર દત્ત પણ મુંઝાય છે, અને પોતાની માને પૂછે છે કે, આનું રહસ્ય શું છે? એટલે મા કહે છે કે જો ભાઈ આ પ્રમાણેની ઘટના છે. એટલે કુબેર દત્ત કહે છે કે, આવો જુલમ અમારા પર કર્યો, અમને ભાઈ-બહેનને પરણાવ્યા. એટલે મા કહે છે કે જો લગ્ન થયું છે સંસાર મંડાણો નથી. અમે તારા માટે એક બીજી કન્યા શોધીશું. એ જ રીતે કુબેરદત્તા પણ પોતાની માને પૂછે છે, રહસ્ય ઉઘાડું થાય છે એટલે કુબેરદત્તા જૈન સાધ્વી થઈ જાય છે. હવે કુબેરદત્ત નિરાશ થાય છે કારણ કે લગ્ન સુખ ન મળ્યું એટલે પછી તે રખડવા નીકળ્યો અને જોગાનુજોગ પોતાની જે માં હતી એને ત્યાં જઈ ચડ્યો અને માના પ્રેમમાં પડ્યો અને માં સાથે લગ્ન પણ કર્યો અને એ લગ્નથી એક બાળક પણ જ. હવે કુબેરદત્તા જે સાધ્વી થયેલી તેને જૈન લોકો જેને અવધિજ્ઞાન કહે છે, તે અવધિજ્ઞાન એને થયું એટલે તે વિચારે છે કે આ કેટલો મોટો અનર્થ થયો એટલે તે પોતાની મા પાસે જ થઈ ચડે છે, અને એ વારાંગના પ્રસન્ન ચિત્તે એનું સ્વાગત કરે છે અને બાળકને તેને સોંપે છે અને પેલી હાલરડું ગાય છે. એ જે હાલરડું હતું, એ હાલરડાંમાં આ જે સાધ્વી છે તે સાધ્વી ૧૮ જાતના સંબંધો કહે છે. આ સાધ્વીએ કયા ૧૮ જાતના સંબંધો કયા હશે? આ બાળક એ તો પોતાની માનો જ પુત્ર એટલે આ કયો સંબંધ થયો? આ જે સ્ત્રી, વરાંગના છે, એ પોતાની જ માતા, પોતાની જ સાસુ, પોતાના જ ભાઇની પત્ની, આવા અઘરા સંબંધો એને વર્ણવ્યા. પછી પેલી સાધ્વીને પૂછે છે કે, આવું તમે કેમ કહો છો? એટલે કૂબેરદત્તા બધું રહસ્ય ઉઘાડું કરે છે, એટલે બધા દુઃખી થાય છે અને બધા જૈન ધર્મની દીક્ષા લઇ લે છે. આ બધી જ વાર્તાઓમાં છેવટે તો યેનકેન પ્રકારે જૈન ધર્મની દીક્ષા લેવી એની એક ઘટના તો આવવાની જ.

આ કથા આગળ ચાલે છે અને આ કથાને વસુદેવ હિંડી સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ન હોય એવી એક કથા ઉમેરાઈ અને આ કથા એટલે **'ધમિયલનું પૂર્ણ ચરિત્ર'**. હવે જેવી રીતે એક યુવાન રખડતો રખડતો નીકળી પડે અને એક પછી એક કન્યાની પ્રાપ્તિ કરતો જાય એવી રીતે આ ધમિયલ પણ એક પછી એક કન્યાની પ્રાપ્તિ કરતો જાય છે. અને એમ કરતાં કરતાં કેટલાક સાહસો કરે છે. એમાં એક બીજા મુનિનો એને પરિચય થાય છે, એ મુનિ તેને પોતાની આત્મકથા કહે છે, એ મુનિ એટલે અગરદત્ત નામના મુનિ. એટલે એ મુનિને જે અનુભવો થયા એ અનુભવોની કથા ખૂબ જ વિગતે આપણી આગળ આવે છે, અને એમાં સ્ત્રીચરિત્ર કેવા હોય છે એની પણ કથા ઉમેરાતી જાય છે. એમ કરતા કરતા વસુદેવ એ કથાની શરૂઆત થાય છે. એટલે કૃષ્ણનો પૌત્ર એ વસુદેવને પ્રશ્ન પૂછે છે કે, "તમે તો એટલા બધા ભ્રમણ કર્યા પણ સાંબે તો એક પણ ભ્રમણ કર્યું નથી અને છતાં અંતઉરમાં આટલી બધી કન્યાઓ છે, તો તમારું શું?" એટલે વાસુદેવ પછી કહે છે કે, મેં જે કન્યાઓ

પ્રાપ્ત કરી એ સાહસ કર્યા પછી પ્રાપ્ત કરી છે અને એ રીતે મારી જે પ્રાપ્તિ છે એ બહુ જુદા પ્રકારની પ્રાપ્તિ છે. એટલે કહે છે કે તમે છેલ્લી જે પ્રાપ્તિ કરી એની વિગતે વાત અમારી આગળ કરો. એટલે વસુદેવ કહે છે કે, સારું હું તમને એની વાત કહું એમ કરીને એ પોતાની એક જુદી કથા કહે છે અને એ કથા સામાન્ય રીતે ભારતીય શ્રોતાઓને પરિચિતિ નથી. અને એ કથા એટલે કંસની કથા. ઉગ્રસેન નામના એક રાજા હતા. તો એ વખતે એક સાધુ એમને ત્યાં આવ્યા અને કહ્યું કે તમે મને તૃપ્ત કરો એટલે ઉગ્રસેને કહ્યું કે સારું તમે આ દિવસે આવજો, ઉગ્રસેન ભૂલી ગયા એટલે પેલા સાધુ બીજે ક્યાંક ગયા અને તૃપ્ત થયા. બીજી વાર પણ આવું જ બન્યુ, એટલે એ સાધુ ક્રોધે ભરાયા અને કહ્યું કે જા હવે હું તારો પુત્ર બનીને તને મારીશ. એટલે ઉગ્રસેનની પત્ની હતી એના ઉદરમાં એ પ્રવેશ્યાં અને એમને શાંતિ થઈ કે ચાલો હવે મારે ત્યાં પણ પુત્ર પ્રાપ્તિ થશે. પણ એક દુર્ઘટના બની જ્યારે રાણીને ત્રીજો મહિનો જતો હતો ત્યારે એમને પોતાના પતિનો માંસ ખાવાનો ભયંકર દોહદ થયો. મંત્રીઓએ જરા કરામત કરી અને એ દોહદની તૃપ્તિ કરાવી પણ ઉગ્રસેનને મારવો ન પડ્યો એટલે તે વખતે રાણી એવું માન્યું કે, મેં તો ઉગ્રસેનના માંસની ઈચ્છા કરી એટલે ઉગ્રસેન મરી ગયા હશે પણ ઉગ્રસેન જીવતા હતા. એટલે રાણીને બહુ દુઃખ થયું કે આ જે પુત્ર પેટમાં હતો અને મને આવો દુર્ભાવ થયો તો આ પુત્ર મને ન જોઇએ. એટલે જ્યારે પુત્ર જન્મ્યો ત્યારે એને કાંસાની પેટીમાં મૂકી અને નદીમાં વહાવી દીધો. અને એ પુત્ર છેવટે કોઈકના હાથમાં આવ્યો અને એ પુત્રને એણે ઉછેર્યો એ પુત્ર કંસ. કંસને વસુદેવ સાથે મૈત્રી થઈ. હવે આ વાર્તા જરા જુદા પ્રકારની બની છે, કંસ જયારે મોટો થયો અને એને વસુદેવ સાથે મૈત્રી થઈ અને કંસના કાને વાત આવી દેવકી નામની અદભુત યુવતી છે. એ દેવકી સાથે આ વસુદેવનુ લગ્ન કરવું જોઈએ એટલે એમણે કહ્યું કે ચાલો આપણે આ કામ કરીએ, બધું નક્કી થયું. દેવકી સાથે લગ્ન પણ થયું અને લગ્નમાં આનંદ ઉત્સવ થવા માંડ્યો. એ આનંદનો ઉત્સવમાં કંસની પત્ની દારૂ પીધો. પછી એક સાધુ ત્યાં આવી ચડયા અને એ સાધુએ એને કહ્યું કે જે આનંદમાં તું આવી ગઈ છે, એ આ દેવકીનું સાતમું પુત્ર તારા પતિનું અને તારા પિતાનો વધ કરશે. બીજે દિવસે સવારે કંસની પત્નીનો નશો ઉતરી ગયો અને એણે પતિને આ વાત જણાવી દીધી. એટલે કંસ તો વિચારમાં પડ્યો કે હવે શું કરવું એટલે કંસ શું કરે છે, વસુદેવ તો મિત્ર છે એટલે મિત્ર ને કહ્યું કે, હું તમારી પાસે એક વરદાન માંગુ છું. તો વસુદેવ કહે છે કે, હા આપ્યું પણ કેવું વરદાન? તો કંસે કહ્યું કે દેવકીને જે સાત પુત્ર જન્મે, એ સાતે સાત મને આપી દેવાના. વસુદેવે કહ્યું કે હા આપ્યા. પછી ખબર પડી કે આ તો છેતરાઈ ગયા. પણ વચનબદ્ધ થયા એટલે શું કરવું. તો એક બીજી કથા પણ આવી એક સુલસા નામની સ્ત્રી હતી અને એ સુલસાને એવો શાપ હતો કે તેને સાત પુત્ર થશે પણ

પુત્રો જન્મતાવેંત મરી જશે. એટલે વસુદેવને આ સુલસાનો પરિચય થયો અને એમણે સુલસાને કહ્યું કે એમ કામ કરીએ કે જેવો તારો પુત્ર જન્મે, મૃત્યુ પામે એવો તારે મને આપી દેવાનો અને હું આ દેવકીનો જીવતો પુત્ર તને આપીશ, એમ સાતે સાત પુત્રોને તારે ઉછેરવાના અને હું તારા બધા પુત્રોને લઈને કંસને સોંપી દઈશ. સુલસાએ કહ્યું કે મંજૂર. તો આ રીતે કંસ પેલા મૃત પુત્રોને ફરી ફરી મારતો રહ્યો. એમ આ જે સાત પુત્રો હતા એ સાત પુત્રોને સુલસાએ ઉછેર્યા. પણ આપણી જે મૂળ કથા છે એ થોડી જુદી હતી. એ મૂળ કથા પ્રમાણે દેવકીએ સાત પુત્રોને જન્મ આપ્યો અને સાતે પુત્ર મરી ગયા.

અહી આ કથામાં જે સાત પુત્ર હતા એમાંથી છ પુત્ર મૃત્યુ પામ્યા પણ સાતમો પુત્ર જીવતો રહ્યો. અને એ સાતમાં પુત્રને લઈ અને વસુદેવ નંદને ઠેકાણે નીકળ્યા. ત્યાં યશોદાને પુત્રી જન્મી હતી એ પુત્રી લઈ અને પાછા આવ્યા. અને એ જ પુત્રી એણે કંસને આપી. કંસ હવે વિચાર કરે છે કે મારો વધ તો પુત્ર કરવાનો છે તો આ પુત્રી કેવી રીતે? એટલે જૈન સાધુનું વચન ખોટું પડ્યું, આ પુત્રીને મારે મારવી નથી અને તેને માત્ર નક્ટી કરીને છોડી દીધી. બીજી બાજુએ સાતમો પુત્ર મોટો થવા લાગ્યો.

પછીની કથા આપણી જ મૂળ કથાને અનુરૂપ આગળ ચાલવા લાગી. એમાં એક કથા જુદી ઉમેરાઈ અને એ કથા પ્રમાણે કંસની બહેન એ સત્યભામા છે. કંસે એવું કહ્યું કે મારા ઘરમાં એક ધનુષ્ય છે. ધનુષ્યની જે પણછ ચડાવે તેને સત્યભામા સાથે વરાવી દઉં. હવે પણછ ચડાવે કોણ? શિવ ધનુષ્યની પણછ ચડાવી એટલે રામને સીતા મળી. આ શાંઘ ધનુષ્યની પણછ કૃષ્ણે ચડાવી એટલે કૃષ્ણને સત્યભામા મળી. આવી  કથા આગળ ચાલે અને ત્યાં આગળ આ વસુદેવ હિંડી આ કથા પુરી થઈ.

આપણી પાસે એક બીજું કથાનક આવ્યુ. એ કથાનક સાવ જુદું હતું. વિમન સૂરિ એની કથા એટલે "**ભૌમ ચરિય**" એટલે પદ્મચરિત્ર. અને એ જે કથા છે તે સાવ જુદા પ્રકારની કથા છે. આપણા શ્રોતાઓને આશ્ચર્ય પણ થાય, આઘાત પણ લાગે કે આવી કથા પણ હોઈ શકે!

એક પ્રહલાદ નામનો યુવાન, એ મોટા થયા અને લગ્ન કરીને એમને એક પુત્રી પ્રાપ્ત થઈ, એનું નામ અંજના. બીજી બાજુએ એકને ત્યાં પુત્ર જન્મ્યો, એ પુત્રનું નામ પવનજય. એક બાજુ પવનજય છે અને બીજી બાજુ અંજના. એટલે બે પુરુષો ભેગા થયા એમણે વાત કરી જુઓ, તારે ત્યાં પુત્રી છે અને મારે ત્યાં પુત્ર છે, બન્ને યુવાન છે, પરણવાલાયક છે, તો આપણે બંનેના વિવાહ કરી દઈએ, બંનેના વિવાહ નક્કી થયા. હવે પેલો યુવાનને થોડી ચટપટી થઈ કે મારી વાગત્તા કેવી હશે?

એટલે તેણે એના મિત્રને કહ્યું કે, મારી વાગત્તાને મારે જોવી હોય તો હું શું કરું? એટલે એના મિત્રે કીધું કે, ચાલ આપણે જઈએ અને ત્યાં જઈ અને તારી વાગત્તાને જો. એટલે બંને જાય છે, અંજનાને જુએ છે, અંજનાને જોઈને મોહ પામે છે અને મોહ પામીને ઊભો હોય છે. ત્યાં અંજનાની કોઈ સખી એમ કહે છે કે, અરે પવનજય સાથે લગ્ન કરવાનું એના કરતા બીજા સારા સારા યુવાનો આપણે ત્યાં નથી? અંજના કશું બોલતી નથી ફક્ત હસ્યા કરે છે. એટલે પવનજય ગુસ્સે થાય છે, તલવાર કાઢે છે અને કહે છે કે હમણાને હમણાં હું આને મારી નાખું, કશું બોલતી નથી? સખીની વાત સ્વીકારી લીધી તો પછી મારામાં પ્રેમ ન હોય તો આ લગ્ન શા માટે? તેનો મિત્ર એને વાળે છે અને કહે છે કે સ્ત્રીહત્યા ન થાય આપણે જતા રહીએ અને જતાં રહે છે.

લગ્નનો દિવસ આવે છે. પેલા તો લગ્ન કરવાની ના પાડે છે, પણ પછી એનો પિતા સમજાવે છે કે, આપણું ખરાબ દેખાય એટલે લગ્ન કરવું પડે. એટલે પવનજય નક્કી કરે છે કે આપણે લગ્ન કરીશું પણ પછી એનો ત્યાગ કરીશું. લગ્ન થાય છે. પણ પવનજય એનો સ્વીકાર કરતો નથી. તે દરમિયાન રાવણ અને વરુણનું યુદ્ધ થાય છે, અને એ યુદ્ધમાં પવનજય જોડાય છે અને કહે છે કે, હું આ યુદ્ધ કરીશ, બધા ના પાડે છે છતાંય તે યુદ્ધ કરે છે. એ યુદ્ધ કરતા પહેલા એ પ્રકૃતિનો પરિચય કરે છે અને પ્રકૃતિનો પરિચય કરતા કરતા એ એક ચક્રવર્તીને જુએ છે, અને એને પસ્તાવો થાય છે કે મારી પ્રિય ચક્રવર્તી એવી અંજનાનો ત્યાગ કર્યો. એ પોતાના મિત્રને કહે છે કે, મારે આ યુદ્ધ શરૂ કરતા પહેલા અંજના પાસે જવું છે. મિત્ર કહે છે કે ચાલો આપણે અંજના પાસે જઈએ, બંને જાય છે, બંને મળે છે. અંજનાને ચિંતા છે કે, તમે આવ્યા પણ તમે કોઈને વાત કરીને જાવ કારણ કે જો વાત નહીં કરો તો મારો અભ્યાસ થશે મારો અભ્યાસ હશે પવન જય પોતાની મારો અપયશ થશે. પવનજય પોતાની વીંટી આપે છે, અને વીંટી આપીને કહે છે કે, આ વીંટી બતાવજે એટલે બધાની શંકા નિર્મૂળ થશે. પણ શંકા નિર્મૂળ થતી નથી. અંજનાને દિવસો રહે છે, એટલે એની સાસુ એને ઠપકો આપે છે, અને ઘરમાંથી કાઢી મૂકે છે. પિયર જાય છે, પિયરે પણ બધાને ખબર પડે છે અને આ સંજોગોમાં બાપ પણ પોતાની પુત્રીને રાખવા તૈયાર થતો નથી. એટલે એની સખીની સાથે એ નીકળી પડે છે, અને એમ કરતાં કરતાં તે વન-વન ભટકતી સખી સાથે રહે છે. એમ કરતા એના મામાનો પરિચય થાય છે, અને મામા કહે છે કે તું ચિંતા ન કર હું તને સાચવીશ.

હવે આ કથામાં એક બાળકનો જન્મ થયો અને બાળક જન્મતાની સાથે જ નીચે પડ્યો, અંજના દુઃખી ગઈ કે પુત્ર જન્મ્યો અને નીચે પડ્યો, પછી એ જુએ છે તો નીચે પડેલો પુત્ર સુરક્ષિત હતો. અને

નીચેના પથ્થરના ટુકડા થઈ ગયા એટલે એનું નામ પડ્યું શ્રીસઈ. પછી એ મામાને ત્યાં ગઈ અને હનુરૂહ નામનું નગર હતું એટલે બાળકનું નામ પડ્યું હનુમાન. એટલે અંજનાનો પુત્ર એ હનુમાન. અને પેલો પવન એટલે વાયુદેવ. એટલે વાયુદેવતાનો પુત્ર તે આ હનુમાન. અને એમ કરીને હનુમાન પણ મોટો થાય છે અને ફરી પાછું યુદ્ધ આવે છે, અને એ યુદ્ધમાં હનુમાન કહે છે કે હવે હું યુદ્ધ કરવા જઈશ અને તે યુદ્ધ કરવા જાય છે, યુદ્ધ જીતે છે, યુદ્ધ જીત્યો એટલે એક નહિ બે નહિ પણ ત્રીસ, પચાસ-સો એવી કન્યાઓ સાથે હનુમાનના લગ્ન થાય છે. મૂળ કથા અનુસાર આપણે તો હનુમાનને બાલબ્રહ્મચારી તરીકે ઓળખતા રહ્યા અને આ કથામાં હનુમાન અનેક યુવતીઓ સાથે લગ્ન કરે છે. અને એમ એમનો સંસાર ચાલવા માંડ્યો.

આમ એક કથા પૂરી થાય છે અને બીજી કથા શરૂ થાય છે. એક ત્રીજી જે જૈન કથા આવી એ '**પાદ નિપ્તાચાર્ય**' નામના કવિ, ખબર નથી તે ક્યારે થઈ ગયા, ખબર નથી એમણે ક્યારે લખી, એ કથા કોને કહી અને કોને પ્રાપ્ત થઈ એ પણ ખબર નથી. એ કથા ઉપરથી એક બીજી તરંગવતી નામની કથા પ્રાપ્ત થઈ, જર્મન ભાષામાં તેનો અનુવાદ થયો. આપણે ત્યાં કોઈ નરસિંહભાઇએ એ કથાનો અનુવાદ ગુજરાતીમાં કર્યો. ત્યાર પછી હરિવલ્લભ ભાયાણીએ તરંગવતીના નામે એ કથા આપણી આગળ રજૂ કરી. એક કથા પણ જન્મ જન્માંતરની કથા છે. એમાં એક સાધ્વી ક્યાંક ભિક્ષા લેવા જાય છે અને જ્યાં છે ત્યાં બધી યુવતીઓ એમના રૂપથી મોહ પામે છે અને કહે છે કે, આટલું બધું રૂપ અને તમે સાધ્વી થયાં, તમારું કોઈક રહસ્ય હોવું જોઈએ પોતાની એટલે એ સાધ્વી પોતાની આત્મકથા રજૂ કરે છે અને એ આત્મકથા એટલે આ તરંગવતીની કથા. આપણી બધી જ પ્રાચીન કથા પૂર્વજન્મની કથા આપણે બધી જ પ્રાચીન કથાઓમાં પૂર્વજન્મની વાત આવે, માત્ર આપણે જ ત્યાં નહીં પણ દુનિયાભરમાં પૂર્વજન્મોની વાતો પ્રચલિત છે. અને એ કથા પ્રમાણે આપણા એક જન્મ નહીં પણ એક જન્મંતરોની કથા. આપણે જાણીએ છીએ કે ગૌતમ બુદ્ધ ૫૦૦ જન્મ લીધા અને એ પાંચસો જન્મની જાતક કથાઓ આપણી આગળ આવી. આ કથાઓમાં એક બીજી કથા આવી, આચાર્ય હેમચંદ્ર આવ્યા. એ આચાર્ય હેમચંદ્રએ '**ત્રિશષ્ટિશલાકાપુરુષ**' નામનો એક સંચય આપણને આપ્યો. અને એ સંચયમાં આપણને જાણીતી, આપણને અજાણી કેટલીક કથાઓ આવી. અને એ કથાઓમાં એક બહુ વિશિષ્ટ કહી શકાય એવી એક કથા આવી જે મૂળ કથાથી જુદી કહી શકાય. રામ રાવણનું યુદ્ધ બહુ જાણીતું છે. પણ આ કથામાં રાવણનું વધ કરનાર રામ નહિ લક્ષ્મણ છે. હવે આ લક્ષ્મણ રાવણનું વધ કરે તે પહેલાં લક્ષ્મણ ઘવાય છે, મૂર્છા પામે છે, રામ શોકમાં ડૂબી ગયા કે લક્ષ્મણ મૂર્છા માંથી ઉઠશે નહિ તો શું થશે, એટલે એ બહુ ઉદાસ થઈ ગયા અને બધાને કહે છે કે દરેક જણ પોત પોતાનાં

વતનમાં જ ચાલ્યા જાઓ, મારી પાસે રહેવાનો હવે કોઈ અર્થ નથી એટલે એક બીજા સજ્જન કહે છે કે, તમે ચિંતા ન કરો, તમે અત્યારેને અત્યારે જ કોઈ દૂતને ભરત પાસે મોકલો અને એ ભરત પાસે જઈને અમૃત જળ લાવે અને એ અમૃત જળ આવે તો આ લક્ષ્મણ ફરી પાછાં સજીવન થઈ જશે પણ જો અમૃત જળ નહિ મળે તો લક્ષ્મણ મૃત્યુ પામશે. એટલે દૂત ભરત પાસે જાય છે, અને ભરત કહે છે કે, તમને અમૃત જળ આપું અને એવું હોય તો હું પોતે યુદ્ધ કરવા તમારી સાથે આવું. પણ યુદ્ધ માટે ભરતની જરૂર નથી એટલે કહે છે કે આ અમૃત જળ ક્યાંથી મળે? એટલે ભરત કહે છે કે વિષલ્યા નામની યુવતી છે એને લઈને તમે જાવ અને એ વિષલ્યાને  કારણે તમને શુભની પ્રાપ્તિ થશે. એટલે વિષલ્યાને લઈને આ બધા જાય છે. વિષલ્યા લક્ષ્મણની સામે બેઠી છે અને એ લક્ષ્મણનો સ્પર્શ કરે છે. એમાંથી એક રાક્ષસી જેવી સ્ત્રી નીકળે છે, હનુમાન એને પકડી લે છે. એ રાક્ષસી કહે છે કે, તમે મને છોડી દો મારા ઉપર કોઈ શાપ હતો એટલે મારી પરિસ્થિતિ આવી થઈ એટલે હનુમાન એને છોડી દે છે. લક્ષ્મણ જીવતા થાય છે. હવે રાવણનો વધ કરવાનો હોય છે પણ એમાં એક અવરોધ આવે છે કે રાવણ એક દેવીની સાધના કરી રહ્યો છે એ સાધના જો પૂરી થાય તો રાવણ કોઈનો જીત્યો જીતાઈ નહીં. એટલે રામ બધા જ સૈનિકોને મોકલે છે ખાસ તો અંગતને મોકલે છે અને અંગત જ્યાં રાવણ પૂજા કરી રહ્યો છે, ત્યાં જાય છે. અંગત ઘણું કરે છે પણ રાવણની પુજાનો ભંગ થતો નથી. પછી અંગત મંદોદરીને પકડે છે, એના વસ્ત્રો ખેંચે છે, એના કેશ ખેંચે છે. બધા કહે છે કે રામના સૈનિકોને આ ન શોભે એટલે એવું પછી બહાનું કરવામાં આવે છે કે, રાવણે સીતાનું અપહરણ કર્યું, તેણે આ પાપ કર્યું તો પછી આ લોકો આમ કરે એમાં એમનો વાંક ન કાઢવો. એટલે પછી છેવટના ઉપાય તરીકે યજ્ઞ કુંડને પ્રદૂષિત કરવામાં આવે છે, અને તેમ છતાંય રાવણ જીત્યો, એને પેલી વિદ્યાની પ્રાપ્તિ પણ થઈ. હવે આ બધા પાછા રામની સેનામાં ભળે છે. યુદ્ધની શરૂઆત થાય છે. યુદ્ધની શરૂઆત થઈ એટલે રાવણ એક પછી એક શસ્ત્ર ફેકે છે અને એક શસ્ત્રને નાબૂદ કરવાને માટે બીજું કયું શસ્ત્ર વપરાય અને એમ કરીને, રાવણ છેવટે અંતિમ શસ્ત્ર ફેંકે છે, જેના વડે કોઈ પણ શત્રુ મૃત્યુ પામે. લક્ષ્મણના હાથમાં એ ચક્ર આવી જાય છે, લક્ષ્મણનું મૃત્યુ થતું નથી. રાવણનું મૃત્યુ થાય છે અને રાવણનું મૃત્યુ થતાં બધા જ શોકમાં ડૂબી જાય છે. રાવણની પત્નીઓના શોક સાથે આ કથા કથા પૂરી થાય છે. રામ પણ વિભીષણને કહે છે કે, તમે શોક ન કરો તમે લંકાના રજા થાઓ અને અમે સીતાને લઈને હવે અમારે વતન જઈશું. એમ કરીને નથી એ લોકો વિદાય લે છે.

આવી કથાઓમાં પરિવર્તનો થતાં ગયા. જૈન કથાનકો સાંપ્રદાયિક બન્યા. એ કથામાં કેટલાક પરિવર્તન થયાં અને એ પરિવર્તનો પ્રમાણે કથાઓ વિસ્તરતી ગઈ અને એમ કરતા કરતા એના જે રૂપ છે તે રૂપ આપણી સામે આવ્યા.

********************